# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

**પરિપત્ર નં. ૧૦૯ (A) તા . ૨૨-૧૧-૧૭**

ફકત મ્યુનિ. શાળાઓ માટે જ :-

**વિષય :- સશસ્ત્ર સેના ધ્વજદિન-૨૦૧૭ : ૭ ડિસેમ્બર ૨૦૧૭ના રોજ ધ્વજદિનની ઉજવણી નિમિત્તે જવાનોના કલ્યાણ અર્થે ભંડોળ એકત્રિત કરવા બાબત.**

આથી તમામ મ્યુનિ. શાળાના આચાર્યશ્રીઓને જણાવવાનું કે પ્રતિ વર્ષની જેમ આ વર્ષે પણ સશસ્ત્ર સેના ધ્વજ દિનની ઉજવણી કરવાનું ભારત સરકારશ્રી તરફથી નકકી કરવામાં આવેલ છે. આપણી મા ભોમ ભારતમાતાની રક્ષા કાજે આપણાં જવાનો યુધ્ધમાં અને આતંકવાદીઓ સાથે લડાઈમાં પ્રાણ-ન્યોછાવર કરી દેશ માટે મહાન કુરબાની આપે છે. આવા શહીદ થયેલા જવાનોના કુટુંબીજનો, સૈનિકો અને માજી સૈનિકોના કલ્યાણ અર્થે અને તેમને સંકટ અને માંદગીના સમયે નાણાંકીય સહાય આપવા અને તેમના બાળકોને શિક્ષણ અપાવવા જેવા કાર્યો માટે આ ધ્વજદિન ઉજવણીના પ્રસંગે જાહેર જનતા પાસેથી યથાશક્તિ ફાળો એકત્રિત કરવામાં આવે છે.

આ દિવસનું મહત્વ બાળકો સમજે તથા ફાળો એકત્ર કરવામાં સહર્ષ જોડાય તે માટે શાળામાં પ્રાર્થના સમયે જરૂરી સૂચનાઓ આપવી તથા બાળકોને ઉદાર હાથે ફાળો આપવા અને વધુ ફાળો એકત્ર કરવા પ્રોત્સાહિત કરવા તેમજ શિક્ષકોએ પણ ઉદાર હાથે પોતાનો ફાળો નોંધાવવો. દર વર્ષની જેમ આ વર્ષે પણ જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસાટ કચેરી દ્વારા ફાળો ઉઘરાવવા માટે ડબ્બા આપવામાં આવશે નહીં.

એકત્રીત થયેલો ફાળો તા.૩૧-૧-૧૮ સુધીમાં અથવા ત્યાર પછીના દિવસોમાં વહેલાસર જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ અધિકારીની કચેરી ખાતે કેશ, ચેક અથવા ડ્રાફ્ટ દ્વારા જમા કરાવશો. ડ્રાફ્ટ (''કલેકટર અને પ્રમુખશ્રી જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરી, અમદાવાદ'') ના નામનો (એકાઉન્ટ પે) નીચે જણાવેલ સરનામે મોકલી આપશો. સંજોગોવશાત એકત્રિત થયેલ ફાળો રૂબરૂ આપવા જઈ શકાય તેમ ન હોય તો ટપાલ દ્વારા મોકલી આપશો તેમજ આ બાબતે જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટ કચેરીના ટેલીફોન નં.૦૭૯-૨૬૮૫૧૩૮૨ (અમદાવાદ) પર પણ સંપર્ક કરી જાણ કરી શકાશે. શાળામાંથી એકત્રિત થયેલ ફાળાની રકમ અંગેનો રિપોર્ટ તમારા બીટ સુપરવાઈઝરશ્રીને આપવાનો રહેશે.

સરનામું :- જિલ્લા સૈનિક કલ્યાણ અને પુનર્વસવાટની કચેરી, ગૌરવ સેનાની કુમાર ભવન, સ્કુમ સ્કૂલની સામે, ટી.વી.ટાવર પાછળ, બોડકદેવ, અમદાવાદ-૩૮૦૦૫૪

તા. ૨૨-૧૧-૧૭

ડૉ. એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી